# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 14-12-2024 Day: Saturday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **કૃપાલી મહીચ્છા** વાંચે છે.

---

## પ્રધાનમંત્રી પ્રયાગરાજ મહાકુંભ મેળો:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે મહાકુંભ **2025** એ એકતા અને સમાનતાનો એક મહાયજ્ઞ હશે. આ મહાકુંભની સમગ્ર વિશ્વમાં ચર્ચા થશે તેમ પણ તેમણે ઉમેર્યું હતું. પ્રયાગરાજના સંગમ વિસ્તારમાં મહાકુંભ-**2025**નું ઔપચારિક ઉદ્ઘાટન પ્રધાનમંત્રીએ જાહેર સભાને સંબોધતા આ પ્રમાણે જણાવ્યું હતું.

મહાકુંભ મેળો **13**મી જાન્યુઆરી-**2025** થી શરૂ થશે અને **26**મી ફેબ્રુઆરી સુધી ચાલશે.આ પ્રસંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લગભગ **5** હજાર **500** કરોડ રૂપિયાની વિવિધ વિકાસ પરિયોજનાઓનું લોકાર્પણ કર્યું હતું.પ્રધાનમંત્રીએ આ પ્રસંગે મુખ્ય મંદિર કોરિડોરનું પણ ઉદ્ઘાટન કર્યું હતું.

--------------------------------------------------------------------------------

## લોકસભા - બંધારણ પર ચર્ચા:

લોકસભામાં ગઈકાલે ભારતના બંધારણના **75** વર્ષની યાત્રા પર વિશેષ ચર્ચા થઇ હતી. ચર્ચાની શરૂઆત કરતા સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું કે**,** ભારતીય બંધારણ સામાજિક**,** આર્થિક**,** રાજકીય અને સાંસ્કૃતિક જીવનના તમામ પાસાઓને સ્પર્શીને રાષ્ટ્ર નિર્માણનો માર્ગ મોકળો કરે છે.

બંધારણ દેશના દલિત અને પીડિત લોકોનું સાચું રક્ષક છે. બંધારણ એ કોઈ એક પક્ષનું યોગદાન નથી પરંતુ ભારતના મૂલ્યો સાથે જોડાયેલો અદ્વિતીય પરિવર્તનકારી દસ્તાવેજ છે. બંધારણ સમાજના તમામ વર્ગો માટે સામાજિક અને આર્થિક પ્રગતિનો માર્ગ મોકળો કરે છે.

---

## વિદેશમંત્રી જયશંકર- પાકિસ્તાની માછીમાર:

કેન્દ્ર સરકાર દ્વારા સતત પ્રયાસોનાં પરિણામે વર્ષ 2014થી પાકિસ્તાનની જેલમાં બંધ બે હજાર **639** ભારતીય માછીમારોને મુક્ત કરવામાં આવ્યા છે. વિદેશ મંત્રી ડૉ. સુબ્રહ્મણ્યમ જયશંકરે ગઈકાલે લોકસભામાં પ્રશ્નકાળ દરમિયાન આ માહિતી આપી હતી. વર્ષ **2008**માં ભારત-પાકિસ્તાન વચ્ચેના કરાર અનુસાર દર વર્ષે પહેલી જાન્યુઆરી અને પહેલી જુલાઇએ બંને દેશો અન્ય લોકોની જેલોમાં બંધ નાગરિક કેદીઓ અને યાદીની આપ-લે કરે છે. આ વર્ષે પહેલી જુલાઈએ પરસ્પર અપાયેલી યાદીઓ અનુસાર**,** પાકિસ્તાને દમણ અને દીવના **24** માછીમારો સહિત **211** ભારતીયોની કસ્ટડી સ્વીકારી છે. પાકિસ્તાનની જેલમાં બંધ આ 211 માછીમારોની મુક્તિનું પણ પાકિસ્તાનને કહેવાયું છે.

---

## લોકસભા-રાજ્યસભામાં ચેસ ચેમ્પિયન ગુકેશને અભિનંદન:

લોકસભા અને રાજ્યસભાએ સૌથી યુવા વિશ્વ ચેસ ચેમ્પિયન બનેલા ડી ગુકેશને તેની નોંધપાત્ર સિદ્ધિ બદલ અભિનંદન પાઠવ્યા હતા. **18** વર્ષીય ગુકેશે ગઈકાલે ખૂબ જ સંઘર્ષપૂર્ણ મુકાબલામાં ચીનના ડીંગ લિરેનને હરાવીને વર્લ્ડ ચેસ ચેમ્પિયનશિપ જીતી હતી.

રાજ્યસભાના અધ્યક્ષ જગદીપ ધનખડે કહ્યું કે ગુકેશની આ સિધ્ધિ વિરલ છે અને દરેક ભારતીયને ગર્વ અપાવનારી છે. લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ ડી ગુકેશને સૌથી યુવા વિશ્વ ચેસ ચેમ્પિયન બનવા બદલ શુભેચ્છા પાઠવી હતી. તેમણે કહ્યુ કે તે દેશના યુવા ખેલાડીઓ માટે પ્રેરણાનો સ્ત્રોત બની રહેશે.

---

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ -વિકાસકામો:

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગઈકાલે રાજકોટ મહાનગરપાલિકાના 793 કરોડ રૂપિયાના વિવિધ વિકાસકામોનું લોકાર્પણ અને ખાતમૂહૂર્ત કર્યું હતું.

આ પ્રસંગે મુખ્યંમત્રીએ કહ્યું હતું કે, આગામી 2047 સુધીમાં રાજયની 70 ટકા વસ્તી શહેરોમાં વસવાટ કરતી હશે. શહેરોનો વિકાસ અને સુખાકારીને ધ્યાનમાં રાખીને આપણે વિકસિત 2047 માટે આયોજન કર્યું છે. તેમણે કહ્યું કે, પ્રધાનમંત્રી આવાસ યોજનામાં ગુજરાત 14 લાખ આવાસોના નિર્માણ સાથે દેશમાં પ્રથમ સ્થાને છે. મુખ્યમંત્રીએ 569 કરોડના કામોનું લોકાર્પણ અને 224 કરોડના વિકસ કામોનું ખાતમૂહુર્ત કર્યું હતું.

---------------------------------------------------------------------------------------

## શ્રીલંકાના રાષ્ટ્રપતિ 15મી ડિસે. ભારતની મુલાકાતે:

શ્રીલંકાના રાષ્ટ્રપતિ અનુરા કુમારા દિસાનાયકે **15**મી ડિસેમ્બરે ભારતની મુલાકાતે આવશે. શ્રીલંકાના રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા બાદ શ્રી દિસનાયકેની આ પ્રથમ મુલાકાત છે. તેમની ત્રણ દિવસીય મુલાકાત દરમિયાન તેઓ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને મળશે અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે દ્વિપક્ષીય ચર્ચા કરશે. તેઓ રાષ્ટ્રીય રાજધાનીમાં એક બિઝનેસ ઇવેન્ટમાં પણ હાજરી આપશે અને બોધ ગયાની મુલાકાત લેશે. આ મુલાકાત બંને દેશો વચ્ચેના સહયોગને વધુ મજબૂત બનાવશે.

---------------------------------------------------------------------------------------